# સંકલિત બાળ વિકાસ યોજના

## સી.ડી.પી.ઓ. ની ફરજો :—

(૧) સંકલિત બાળ વિકાસ સેવા યોજના અને સરકારી વહીવટી તંત્ર વચ્ચે કડીરૂપ બનવું.

(૨) આંગણવાડી કેન્દ્ર માટે જગ્યા મેળવવી.

(૩) સુપરવાઈઝર અને આંગણવાડી કાર્યકરોની કામગીરીની દેખરેખ રાખવી.

(૪) લાભાર્થીની પસંદગી તેમજ કેન્દ્ર પર ખાધ્ય સામગ્રી પહોંચાડવી અને આરોગ્ય સેવાઓની જાળવણી કરવી.

## સુપરવાઈઝરની ફરજો :—

(૧) ૨૦ થી ૨૫ આંગણવાડી કાર્યકરોની કામગીરીની દેખરેખ રાખવી.

(૨) આંગણવાડી કાર્યકરના માર્ગદર્શક તરીકે કામગીરી કરવી.

(૩) અહેવાલની જાળવણી, જનસમુદાયની મુલાકાત, માહિતી અને આરોગ્ય કર્મચારીઓની મુલાકાત ગોઠવવામાં મદદ કરવી.

(૪) આંગણવાડી કાર્યકરોને ક્ષેત્રમાં તાલીમ આપવી.

## આંગણવાડી કાર્યકરની ફરજો :—

(૧) બાળકો અને માતાઓ વચ્ચે કડીરૂપ બનવું.

(૨) જનસમુદાય અને લાભાર્થીઓની મોજણીમાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીને મદદરૂપ બને છે.

(૩) અવિધિસરનું શિક્ષણ આપે છે.

(૪) માતાઓને આરોગ્ય અને પોષણ શિક્ષણ આપે છે.

(૫) આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને મદદરૂપ બને છે.

(૬) પૂર્વશાલેય હાજરી,પૂરકઆહાર અને રોગ પ્રતિકારક રસીની વિગતે નોંધ જાળવે છે.

(૭) જનસમુદાય, આરોગ્ય કર્મચારી, સ્થાનિક શાળા અને મહાનગર પાલિકા વચ્ચે કડીરૂપ બને છે.

(૮) કુટુંબ નિયોજન, પોલીયો, ટી.બી., એઈડ્ઝ, વિટામીન—'એ' તેમજ આર.સી.એચ. પ્રોગ્રામ અંતર્ગત જનસમુદાય આધારિત પ્રવૃત્તિઓ કરે છે.

આ ઉપરાંત ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ધ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે તમામ કામગીરી કરવામાં આવે છે.

સદરહુ યોજનાનું સંચાલન સુરત મહાનગર પાલિકાના આરોગ્ય ખાતાના ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ના નેતૃત્વ હેઠળ કરવામાં આવે છે.